# ચિલોડાના આરોગ્ય કેન્દ્રના પટાંગણને લોકોએ જાહેર શૌચાલય બનાવી દીધું છે

## ચિલોડા સર્કલ પાસે જાહેર શૌચાલયના અભાવે પેટા આરોગ્ય કેન્દ્રના પટંગણમાં ગંદકીનું સામ્રાજય : તંત્રના સ્વચ્છતા અભિયાનના ધજાગરા રોગચાળો ફેલાવાની ભીતિ

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના મહત્વના સ્થળ ચિલોડા સર્કલ નજીક એક પણ જાહેર શૌચાલય ના હોવાથી નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડી હી છે. આ સર્કલની નજીક છે અને જેના કારણે રોગજન્ય જંતુઓ જેવા કે માખી, મચ્છર વગેરેનો પણ ઉપદ્રવ ફેલાઈ રહ્યો છે.

આ આરોગ્ય કેન્દ્રની આસપાસ દુર્ગંધનું સામ્રાજય ફેલાયું છે જેના કારણે તેમાં સારવાર લેવા જનાર વધુ



આવેલ પેટા આરોગ્ય કેન્દ્રની આસપાસ આ કારણે ભારે ગંદકીનું સામ્રાજય છવાયેલું જોવા મળી રહ્યું છે અને રોગચાળો ફેલાવવાનો ભય ઉત્પન્ન થયેલ છે.

જિલ્લા તંત્ર દ્વારા ચલાવાઈ રહેલા સ્વચ્છતા અભિયાન અને નિર્મળ ગુજરાતના દાવાને ચિલોડાનું પેટા આરોગ્ય કેન્દ્ર પડકારી રહ્યું છે. અહીં નજીકમાં કોઈ પણ જાહેર શૌચાલયની સુવિધા નહી હોવાથી આ આરોગ્ય કેન્દ્રના પટાંગણને જ લોકોએ જાહેર મુતરડી બનાવી દીધી છે જેના કારણે અહીં ગંદકીના થર જામ્યા બિમારીનો ભોગ બને તેવી શકયતાઓ પણ જણાઈ રહી છે. સરકારી જાહેર દવાખાનાની આ દુર્દશાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે ત્યારે સ્વચ્છતા અભિયાન પાયાની સુવિધાઓ આપ્યા વગર કેવી રીતે સફળ થશે તે બાબતે નાગરિકોમાં તર્ક વિતર્કો ચાલી રહ્યા છે. તંત્ર દ્વારા વાતોના વડા કર્યા વગર સત્વરે ચિલોડા સર્કલ પાસે સુવિધાજનક શૌચાલય બનાવામાં આવે તેવી ગ્રામજનોમાં તીવ્ર માંગ ઉદભવવા પામી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સેક્ટર-૨૭ માં ઘર આંગણેથી જ મહિલાનો દોરો ખેંચી ચેઈન સ્નેચર પલાયન

## એક્ટીવા પર બે શખ્સો આવ્યા હતા : સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં પહેલા પલ્સર બાઈક પર આવીને ચેઈન સ્નેચીંગ કરી જતી ટોળકી સક્રીય થઈ હતી જે હવે શાંત થઈ છે પરંતુ હવે એક્ટીવા પર આવીને ચેઈન સ્નેચીંગ કરી જતી ગેંગ સક્રીય થઈ ગઈ છે. બે દિવસ પહેલા સે. ૬ માંથી એક વૃધ્ધાના ગલામાંથી અછોડો તોડીને એક્ટીવા પર આવેલા બે શખ્સો ફરાર થઈ ગયા હતા. આજે બપોરે આ જ એમ.ઓથી એક્ટીવા પર આવેલા બે શખ્સો સે. ૨૭ માં ઘર આંગણેથી મહિલાનો દોરો ખેંચી પલાયન થઈ ગયાની ઘટના પોલીસ ચોપડે નોંધાવા પામી હતી.

સે. ૨૭ પ્લોટ નં. ૭૧૯, એકતા કોલોની ખાતે રહેતા સુધાબેન જશવંતભાઈ પંડ્યા આજે બપોરે પોતાના ઘરની બહાર નીકળ્યા ત્યાં નજીકમાંથી જ એક એક્ટીવા લઈને આવેલા બે શખ્સો તેમની પાસે આવ્યા અને ગળામાં હાથ મારીને તેણીએ પહેરેલો સોનાનો એક તોલા વજનનો દોરો આંચકી લીધો હતો. રૂ. ૨૦ હજારની કિંમતનો દોરો આંચકીને એક્ટીવા પર આવેલા બન્ને ચેઈન સ્નેચરો પળવારમાં રફુચક્કર થઈ ગયા હતા. સુધાબેને સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ આપતા પોલીસે અજાણ્યા બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ફતેપુરાનો ૧૪ વર્ષનો કિશોર સવા મહિનાથી લાપતા

## ધો. ૫ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી શાળાએ જવા નીકળ્યો હતો : અપહરણનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના ફતેપુરા ગામમાં રહેતો અને સે. ૩૦ ખાતે સ્થિત મહારાણા પ્રતાપ હિન્દી વિદ્યાલયમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી શાળાએ જવા નીકળ્યો હતો. સવા મહિનો થઈ ગયો તેમ છતાં આજ દિન સુધી તેનો કોઈ પત્તો લાગ્યો નથી. લાપતા કિશોરના પિતાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે અપહરણનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

શહેરના ફતેપુરા ગામાં રહેતા ચેતરામ રાજપુતનો ૧૪ વર્ષનો દિકરો આકાશ રાજપુત શહેરના સે. ૩૦



ખાતે સ્થિત મહારાણા પ્રતાપ હિન્દી વિદ્યાલયમાં ધોરણ-૫ માં અભ્યાસ કરે છે. આકાશ તા. ૧૬ જુલાઈના રોજ ઘરેથી શાળાએ જવા નીકળ્યો હતો. પરંતુ ત્યારથી જ તેનો કોઈ જ પત્તો લાગ્યો નથી. આકાશના મિત્રોના ઘરે, સગા-વ્હાલાના ઘરે તથા સંબંધીઓના ઘરે પણ તપાસ કરવા છતાં તેની ક્યાંયથી ભાળ મળી શકી નથી. લાપતા વિદ્યાર્થી આકાશના પિતા ચેતરામની ફરીયાદ લઈ સે. ૭ પોલીસમથકના સેકન્ડ પી.આઈ. કે.એમ. જોસફે અપહરણનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

# રાજ્ય બોર્ડ-નિગમ-સરકારી સાહસોના કર્મચારી મહામંડળના નવા હોદ્દેદારોની વરણી કરાઈ

ગુજરાત રાજ્યના બોર્ડ, નિગમ, સરકારી સાહસોના કર્મચારી મહા મંડળની સમાન્ય સભા ૧૯મી ઓગસ્ટે ઉદ્યોગભવનમાં જીઆઈડીસી હોલ ખાતે યોજાઈ હતી. સભામાં ૪૨ બોર્ડ, નિગમ-સરકારી સાહસોના કર્મચારીઓએ હાજરી આપી હતી.

મહામંડળના નવા વરાયેલા હોદ્દેદારોમાં પ્રમુખપદે પ્રવિણ એમ. સુતરીયા, મહામંત્રી પદે રામસિંહ વેલુભા પરમાર (લાખુભા) તેમજ ઉપપ્રમુખ પદે અમિત સોલંકી, જે.આર. શ્રીમાળી, ભીમસિંહ વાઘેલા, આર.એસ. જોબનપુત્રા અને સહમંત્રી પદે જે.પી. પટેલ, વાય.એફ. મનસુરી, પ્રવિણસિંહ વી. વાઘેલા, બી.કે. સોલંકીની વરણી કરાઈ હતી. આ ઉપરાંત સંગઠન મંત્રી પદે એન.કે. ચૌધરી, કિશોરભાઈ વી. નાકર, કે.એલ. વરિયા, કે.કે. ઠાકોર અને ખજાનચી તરીકે મહેન્દ્રસિંહ બી. ચૌહાણ તેમજ આંતરિક ઓડીટર તરીકે નવીનભાઈ રાઠોડને નિયુક્ત કરાયા હતા. મહામંડળના અન્ય કારોબારી સભ્યો તરીકે રોહિતભાઈ બી. પટેલ, ઘનશ્યામસિંહ વાઘેલા, એમ.કે. પટેલ, એસ.એચ. પ્રજાપતિ, ધર્મેન્દ્રભાઈ દેસાઈ, વિકે. વાલેરા, ભાનુભાઈ પી. મકવાણા, અશ્વિનભાઈ તડવી, એમ.કે. પરમાર, એમ.એન. દેસાઈ, બાબુભાઈ પરમાર અને શશીકાંત પટેલની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

આ સામાન્ય સભામાં સરકાર દ્વારા બોર્ડ અને નિગમોના કર્મચારીઓ પ્રત્યે ઓરમાયું વર્તન રાખવામાં આવે છે અને કર્મચારીઓને મળવાપાત્ર લાભો આપવામાં આવતા નથી જેથી અદાલતોનો આશરો લેવો પડે છે તે અંગે સરકારે બેધારૂ વલણ ના અપનાવવું જોઈએ તેવુ સૂચન કરાયું હતું.

## સે-૭-સી નવરાત્રિ સમિતિની બેઠક યોજાશે

સેકટર-૭-સી નવરાત્રિ મહોત્સવ સમિતિની સામાન્ય સભા આજ રોજ શુક્રવારે રાત્રે ૮.૩૦ વાગે યોજાશે. સભામાં સમિતિના હોદ્દેદારોની વરણી અને નવરાત્રિના આયોજન અંગે ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં સેકટર-૭-સીના વસાહતીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# વર્ગ-૩ ન્યાયખાતા કર્મચારી મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર જિલ્લા ન્યાયખાતા વર્ગ-૩ કર્મચારી મંડળની સામાન્ય સભા તાજેતરમાં યોજવામાં આવી હતી. સભામાં મંડળના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ એ.એ. પરમાર, ઉપપ્રમુખ-સી.આર. રજવાડી, મંત્રી-કે.એ.કાઝી, સહમંત્રી-આર.કે. વકીલ, ખજાનચી-આર.ટી. પ્રજાપતિ, સંગઠન મંત્રી એન.ડી. જાદવ, બી.બી. ટાપરિયા, ઓડિટર, એમ.એ. પરમાર, સલાહકાર વી.વાય. રાવલ, મહિલા પ્રતિનિધિ કુ. શીલાબેન ચૌહાણ અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી છે.



સેક્ટર-૩ ખાતે આવેલ સાંઈબાબા મંદિરે ત્રિદિવસીય પ્રાકૃતિક ચિકિત્સા કેમ્પના પ્રથમ દિવસે જાહેર જનતાએ લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)

# ડ્રો માં નામ પણ ના આવ્યું અને ડીપોઝીટ પણ હજુ સુધી પરત ના મળી

## ગુજરાત હાઉસીંગ બોર્ડના રીવાઈનઝડ ડ્રો ને મહિનો વીતવા છતાં ડ્રો માં નામ ના આવનાર અરજદારોને ડીપોઝીટ પરત કરાઈ નથી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૪ માં મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ મકાનની યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજના હેઠળ મકાન માટે જે અરજીઓ આવી હતી તેમાંથી ડ્રો પદ્ધતિ દ્વારા પસંદગી કરવાની હતી. આ યોજનાનો પ્રથમ ડ્રો વિવાદિત થતા બીજો રીવાઈઝ્ડ ડ્રો કરવામાં આવ્યો હતો. આ રીવાઈનઝડ ડ્રો થયાને પણ મહિના જેટલો સમય પસાર થઈ ગયો હોવા છતાં જે લાભાર્થીને ડ્રોમાં નામ નથી આવ્યું તેમની ડીપોઝીટ હજુ સુધી પરત કરવામાં આવી નથી.

હાઉસીંગ બોર્ડ દ્વારા ઓનલાઈન અરજી કરાવાઈ હતી તેમજ ડીપોઝીટ પેટે મકાન મુજબ રૂપિયા ૨૦ હજારથી ૫૦ હજાર સુધીની રકમ વસુલાઈ હતી. આમ અરજી સાથે જ ડીપોઝીટની રકમ વસુલનાર હાઉસીંગ બોર્ડ દ્વારા ડ્રો પત્યાને મહિના ઉપરનો સમય વીતવા છતાં જેનું નામ ડ્રો માં નથી આવ્યું તેવા અરજદારોને હજુ સુધી ડીપોઝીટ પરત નહી કરીને બિન કાર્યક્ષમતાનો પરિચય આપ્યો છે. બોર્ડની આ બિન કાર્યક્ષમતાનો ભોગ હજારો નાગરિકો બની રહ્યા છે. એક તરફ પહેલો ડ્રો વિવાદિત બનતા હાઉસીંગ બોર્ડની છબી ખરડાયેલી છે ત્યારે હવે ડીપોઝીટ પરત કરવામાં વિલંબ કરીને વધુ એકવાર હાઉસીંગ બોર્ડ મકાન વાચ્છુ અરજદારોની લાગણીઓને ઠેસ પહોંચાડવાનું કામ કરી રહ્યું છે.

## ડભોડા રેલવે ટ્રેક પરથી વૃધ્ધનો ધડ-માથુ અલગ થઈ ગયેલો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક ડભોડા રેલવે સ્ટેશન પાસે ટ્રેક પરથી એક અજાણ્યા વૃધ્ધનો કપાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. માથુ ધડથી અલગ થઈ ગયેલી હાલતમાં મૃતદેહ ટ્રેક પર પડ્યો હોવાની જાણ રેલવે પોલીસને થતા પોલીસ આવી પહોંચી હતી અને વૃધ્ધનો મૃતદેહ પીએમ માટે મોકલી તેની ઓળખ માટે તજવીજ કરતાં બહુચરાજી નજીકના એક ગામના વૃદ્ધ હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે.

## ટેકનીકલ કામદાર યુનિયનની સભા મળશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના ટેકનીકલ (ઓપરેટર) કામદાર યુનિયનની સામાન્ય સભા ગત ૩જીના રોજ મહેસાણા ખાતે લલીતભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. સભામાં મંડળના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી અને કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈને રણનીતિ નક્કી કરવામાં આવી હતી. પડતર પ્રશ્નો માટે મંડળની સભા તા. ૨૩, ઓગસ્ટના રોજ બલરામ ભવન સેક્ટર-૧૨ ખાતે યોજાશે. બેઠકમાં મંડળના સર્વે સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવું. નવા હોદ્દેદારોમાં પ્રમુખ પદે કે.કે. ઠાકોર, મહામંત્રીપદે ભાનુભાઈ મકવાણા, મંત્રી પદે ભાવાભાઈ પટેલ તેમજ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## ચક્ષુદાન લેવામાં આવ્યું

શહેરના સેક્ટર-૮ના પ્લોટ નં. ૪૪૧/૨ સ્થિત દિપકકુમાર મધુસુદન ધોળકિયાનું અવસાન થતા ચક્ષુદાન કરવામાં આવ્યું છે. કુટુંબીજન શ્યામલ ધોળકિયાની મંજુરીથી જુનિયર સિટિજન કાઉન્સિલ દ્વારા ચક્ષુદાન લેવામાં આવ્યું હતું. જનરલ હોસ્પિટલના ડૉ. હર્ષ, જુસીકાના છત્રસિંહ મકવાણા, સુકેતુ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# સાદરા શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર ખાતે ગાયત્રી મહાયજ્ઞ સંગીતમય ભજન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

સાબરમતીના કિનારે આવેલ સાદરા જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર ખાતે ગાયત્રી મહાયજ્ઞ અને સંગીતમય ભજન આખ્યાન યોજાશે.

તાલુકાના સાદરા ખાતે ગુજરાતના લોકપ્રિય કિર્તનકાર મુકેશભાઈ ભટ્ટના શ્રી મુખે સંગીતમય ભજન આખ્યાન તા. ૨૪ ઓગસ્ટના રોજ યોજાશે. જેમાં સવારે ૯ થી ૧૨ સુધી ગાયત્રી યજ્ઞ, બપોરે ૨થી ૩ સુધી ભજન તેમજ ૩-૦૦ વાગ્યાથી મુકેશભાઈ ભટ્ટના મુખે ભજન કીર્તન આખ્યાન યોજાશે ત્યાર બાદ સાંજે ૬-૦૦ વાગે મહાપ્રસાદ લેવામાં આવશે.



કોલવડા ગામમાં લાલઘરમાં મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન રોજ રાત્રીએ શીવ ભગવાનની આરાધના બહેનો દ્વારા કરવામાં આવે છે. (તસવીર : કશ્યપ નીમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

મર્દાની : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્ક્રીન-૪ :

મેડ અબાઉટ ડાન્સ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

મર્દાની : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મર્દાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

મેડ અબાઉટ ડાન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

મર્દાની : ૧.૦૦, ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.

**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે.

## ચિરવિદાય

● સ્વ. ઉદયકુમાર મધુસૂદન ધોળકીયા (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૪૪૧/૨, સેક્ટર-૨૮, ગોકુલ સોસાયટી, ગાંધીનગર